Letter No: SJED/0068/05/2024 Dt: 04-05-2024

નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતા હેઠળની સમાજ કલ્યાણ નીરિક્ષક (વર્ગ-૩) સંવર્ગની કેડર સ્ટ્રેન્થ રીવાઇઝ કરવા બાબત.

ગુજરાત સરકાર

સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક: SJED/EOD/e-file/17/2023/1917/A Section

સચિવાલય, ગાંધીનગર.

**વંચાણે લીધા**:-

(૧) સામાન્ય વહીવટ વિભાગનો તા:૦૩/૦૨/૨૦૧૪ નો ઠરાવ ક્રમાંક: RSK/૧૦૨૦૧૪/૨૩૦૦(૨૧)/R

(૨) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા:૦૯/૦૮/૨૦૨૩ નો સમાનાંકી ઠરાવ

(૩) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા:૦૬/૦૩/૨૦૨૪ નો ઠરાવ ક્રમાંક: SJED/NIR/e-file/17/2023/3525/A Section

(૪) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા:૧૪/૦૩/૨૦૨૪ નો ઠરાવ ક્રમાંક: SJED/NIR/e-file/17/2023/3518/A Section

(૫) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા:૦૪/૦૪/૨૦૨૪ નો પત્રાંક: DDCW/0073/03/2024

**આમુખ:**

સામાન્ય વહીવટ વિભાગના વંચાણે લીધેલ ક્રમ (૧) ના ઠરાવથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ હસ્તકની ખાલી જગ્યાઓ પર ભરતી કરવા સારૂ વિવિધ સંવર્ગોની જગ્યાઓની સમીક્ષા કરી, ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર બહાર પાડવામાં આવેલ. આ સંવર્ગોમાં સમાવિષ્ટ સમાજ કલ્યાણ નીરિક્ષક (વર્ગ-૩) સંવર્ગની કેડર સ્ટ્રેન્થ વિભાગના વખતો વખતના ઠરાવથી રીવાઇઝ્ડ કરવામાં આવેલ છે. છેલ્લે વિભાગના વંચાણે લીધેલ ક્રમ (૨) ના ઠરાવથી સમાજ કલ્યાણ નીરિક્ષક (વર્ગ-૩) સંવર્ગની કેડર સ્ટ્રેન્થ રીવાઇઝ્ડ કરી, ૨૮૫ નિયત કરવામાં આવેલ છે.

વિભાગના વંચાણે લીધેલ ક્રમ (૩) અને (૪) ના ઠરાવથી અનુક્રમે વિકસતી જાતિ કલ્યાણ સંલગ્ન ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ, ગાંધીનગર ખાતે ૦૫ અને વિકસતી જાતિ કલ્યાણ સંલગ્ન નિગમોની યોજનાઓના અમલીકરણ માટે ૩૨ જિલ્લાઓમાં ૬૪; એમ કુલ-૬૯ સમાજ કલ્યાણ નીરિક્ષક (વર્ગ-૩) ની નવી જગ્યાઓ ઊભી કરવામાં આવેલ છે. ઉક્ત નવી મંજૂર થયેલ ૬૯ (૦૫ + ૬૪ ) જગ્યાઓનો સમાજ કલ્યાણ નીરિક્ષકનો હયાત કેડર સ્ટ્રેન્થમાં સમાવેશ કરી, કેડર સ્ટ્રેન્થ રીવાઇઝ કરી આપવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણના વંચાણે લીધેલ ક્રમ (૫) ના પત્રથી અત્રે દરખાસ્ત કરવામાં આવેલ હતી, જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ**:-

પુખ્ત વિચારણાને અંતે, નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની હસ્તકની સમાજ કલ્યાણ નીરિક્ષક (વર્ગ-૩) સંવર્ગની હયાત કેડર સ્ટ્રેન્થ ૨૮૫ માં નવી મંજૂર થયેલ કુલ ૬૯ જગ્યાઓનો સમાવેશ કરી, સમાજ કલ્યાણ નિરીક્ષક (વર્ગ-૩) સંવર્ગની કેડર સ્ટ્રેન્થ આથી રીવાઇઝ્ડ કરી, ૩૫૪ નિયત કરવામાં આવે છે.

સમાજ કલ્યાણ નીરિક્ષક (વર્ગ-૩) સંવર્ગના ભરતી નિયમોમાં બઢતી : સીધી ભરતીનો રેશિયો ૨:૩ હોઇ, બઢતીના ફાળે ૧૪૨ જગ્યાઓ અને સીધી ભરતીના ફાળે ૨૧૨ જગ્યાઓ ફાળવવામાં આવે છે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા:૦૧/૦૫/૨૦૨૪ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

Signature valid
Signed by:H B Joshi
Section Officer
Date: 2024.05.04
17:44:21 +05:30

File No: SJED/EOD/e-file/17/2023/1917/A Section
Approved By: Joint Secretary,A Section,SJED
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

Letter No: SJED/0068/05/2024 Dt: 04-05-2024

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

હરિત આર. દોશી

સેક્શન અધિકારી

સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

<u>નકલ રવાના</u>:

- માન. મંત્રીશ્રી (સા.ન્યા. અને અધિ.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ - ૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી (સા.ન્યા. અને અધિ.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ -૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(નાણા) ના અંગત મદદનીશશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર/- સદરહુ ઠરાવને વિભાગને વેબ સાઇટ પર અપલોડ કરવા સારૂ...
- શાખા સિલેક્ટ ફાઇલ- ૨૦૨૪